**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૩૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

જેઠ સુદ - ૧૧ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

કિંમતી તો ઘણુ બધુ હોય છે જીવન માં, પણ દરેક વસ્તુ ની કિંમત ફકત સમય જ સમજાવી શકે છે!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૦૫ ● તારીખઃ ૨૫.૦૬.૨૦૨૬, ગુરૂવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

## પરિવાર દીઠ ૩૫ કિલો રેશનની લિમિટ વચ્ચે નવો નિયમ આવશે, રેશન સિસ્ટમમાં થશે ફેરફાર

**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશના કરોડો ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને સસ્તા અનાજ પૂરું પાડતી જાહેર વિતરણ પ્રણાલીમાં કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં એક બહુ મોટો અને વ્યાપક ફેરફાર કરવા જઈ રહી છે. સામાન્ય જનતાને સીધી અસર કરતા આ નિર્ણય અંતર્ગત સરકારે 'રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા (સંશોધન) વિધેયક-૨૦૨૬'નો સત્તાવાર મુસદ્દો જાહેર કર્યો છે. આ નવા સંશોધિત ખરડામાં ખાસ કરીને 'અંત્યોદય અન્ન યોજના' હેઠળ અનાજ વિતરણની પરંપરાગત પદ્ધતિને ધરમૂળથી બદલવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. સરકારના આ આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય દેશની ખાદ્ય સુરક્ષાને વધુ મજબૂત, ન્યાયસંગત અને જમીની સ્તરે સંતુલિત બનાવવાનો છે.

કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા નવા મુસદ્દાની વિગતો મુજબ, અત્યાર સુધી અંત્યોદય અન્ન યોજના હેઠળ નોંધાયેલા દરેક પાત્રતા ધરાવતા ગરીબ પરિવારને સભ્યોની સંખ્યા ગમે તે હોય, દર મહિને ફિક્સ ૩૫ કિલોગ્રામ અનાજ આપવામાં આવતું હતું. પરંતુ પ્રસ્તાવિત નિયમમાં આ પદ્ધતિ બદલીને હવે દર મહિને પ્રતિ વ્યક્તિ ૭ કિલોગ્રામ અનાજ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. જોકે, આ ફેરફાર સાથે સરકારે એક મહત્વની મર્યાદા પણ નક્કી કરી છે. નવા નિયમ અનુસાર, કોઈપણ પરિવારને મળનારા કુલ અનાજનો જથ્થો દર મહિને મહત્તમ ૩૫ કિલોગ્રામથી વધુ વટાવી શકશે નહીં. એટલે કે, પરિવારના સભ્યોની ગણતરી મુજબ અનાજ વહેંચાશે ખરું, પરંતુ તેનો કુલ જથ્થો સરકાર દ્વારા નિર્ધારિત કરાયેલી ૩૫ કિલોની ઉચ્ચ સીમાની અંદર જ સીમિત રહેશે.

સરકારી વર્તુળો અને ખાદ્ય વિભાગના જણાવ્યા અનુસાર, વર્તમાન રેશનિંગ વ્યવસ્થામાં પરિવારના કદને કારણે મોટી અસમાનતા અને વિસંગતતા જોવા મળતી હતી. ઉદાહરણ તરીકે, જે પરિવારમાં માત્ર બે કે ત્રણ સભ્યો છે, તેમને પણ ૩૫ કિલો અનાજ મળતું હતું, જેના કારણે ત્યાં વ્યક્તિ દીઠ અનાજનો જથ્થો ઘણો વધારે થઈ જતો હતો. તેની સામે, જે મોટા પરિવારો છે ત્યાં સભ્યો વધુ હોવા છતાં ૩૫ કિલોની મર્યાદાને કારણે વ્યક્તિ દીઠ ખૂબ ઓછું અનાજ ભાગમાં આવતું હતું. આ લાંબા સમયથી ચાલી આવતી અસમાનતાને કાયમી ધોરણે નાબૂદ

અનુ પાના નં.૨ પર

## ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનેઇના અંતિમ સંસ્કાર જુલાઈમાંઃ વડાપ્રધાન મોદીને આમંત્રણ




**સમય સંદેશઃ ડેસ્ક**

અમેરિકા અને ઇઝરાયેલના સંયુક્ત હવાઈ હુમલામાં ગત ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનેઇનું અવસાન થયું હતું. તેમના નિધન બાદ તુરંત જ ભારત સરકાર વતી વિદેશ સચિવ વિક્રમ મિસરીએ નવી દિલ્હીમાં આવેલી ઇરાની એમ્બેસીની મુલાકાત લઈ સત્તાવાર શોક સંદેશ પાઠવ્યો હતો. મૂળ યોજના મુજબ માર્ચ મહિનામાં જ અંતિમ સંસ્કાર થવાના હતા, પરંતુ ઈરાન-ઇઝરાયેલ વચ્ચે ભયાનક યુદ્ધ ફાટી નીકળતાં કાર્યક્રમ મુલતવી રખાયો હતો. હવે આ વિસ્તારમાં સત્તાવાર રીતે યુદ્ધ સમાપ્ત થતાં ઈરાન સરકારે અંતિમ સંસ્કારની નવી તારીખો જાહેર કરી છે. જો કે, આ હાઈ-પ્રોફાઈલ કાર્યક્રમમાં

અનુ પાના નં.૨ પર

## અરૂણાચલ પ્રદેશમાં ભારે વરસાદથી આવેલા પૂરે વેર્યો વિનાશ









**સમય સંદેશઃ નવીદિલ્હી**

અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદને કારણે આવેલા ભૂસ્ખલન અને અચાનક આવેલા પૂરની સ્થિતિએ ભારે વિનાશ વેર્યો છે. રાજ્યના લોઅર સુબનસિરી અને કેઈ પન્યોર જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે અનેક ગામો પાણીમાં ગરકાવ થયાં છે. ઘરો, ખેતી અને જરૂરી માળખાકીય સુવિધાઓને ભારે નુકસાન થયું છે, જ્યારે મુખ્ય હાઈવેનો પૂલ પણ વહી ગયો છે. હવામાન વિભાગ અનુસાર સવારે ૬થી ૯ વાગ્યા દરમિયાન માત્ર ત્રણ કલાકમાં જ અતિ ભારે વરસાદ પડતાં નદીઓનું જળસ્તર ઝડપથી વધી ગયું અને પૂરની સ્થિતિ સર્જાઈ હતી. અચાનક આવેલા ભારે વરસાદને કારણે લુક્સિન ગામ અને તોરુ સર્કલ હેઠળ આવેલા યિયી-૧ અને યિયી-૨ ગામોમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિક લોકોના જણાવ્યાનુસાર સવારે લગભગ ૬:૩૦ વાગ્યા બાદ જ પૂરનું પાણી ઘરોમાં ઘૂસી ગયું અને ખેતરોમાં

અનુ પાના નં.૨ પર

## અસમની ઘાયલ હાથણી 'માનિકી'ની જામનગરના 'વનતારા'માં સારવાર શરૂ




**સમય સંદેશઃ જામનગર**

છેલ્લા ઘણા સમયથી અસહ્ય પીડા અને મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરી રહેલી ૪૮ વર્ષીય હાથણી 'માનિકી' માટે હવે દર્દભરી જીંદગીનો અંત આવ્યો છે. અસમના હાઈવે પર તબીબી સારવાર માટે લઈ જવાતી વખતે અત્યંત પીડા સાથે લંગડાતી ચાલતી માનિકીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ હૃદયદ્રાવક દ્રશ્યો જોઈને દેશભરના પશુ પ્રેમીઓ, નાગરિકો અને પ્રાણી કલ્યાણ સંસ્થાઓ ભાવુક થઈ ઉઠ્યા હતા અને તેની તાત્કાલિક સારવાર માટે ઓનલાઈન પિટિશન તથા અપીલો શરૂ કરવામાં આવી હતી.માનિકીના ડાબા આગળના પગમાં લાંબા સમયથી ખોડખાંપણ હોવાને કારણે તેને ચાલવામાં ખૂબ જ તકલીફ પડતી હતી. આ સિવાય, મોટી ઉંમરને કારણે સ્વાસ્થ્ય સમસ્યાઓ, ચેપગ્રસ્ત ઘા (ઇન્ફેક્ટેડ વૂન્ડ્સ), એક આંખે ઓછું દેખાવું, શરીરમાં પાણીની અછત (ડીહાઈડ્રેશન) અને અત્યંત નબળી શારીરિક સ્થિતિને લીધે તેની પીડા સતત વધી રહી હતી.

આ પરિસ્થિતિને ગંભીરતાથી લઈને તેના માલિક રુચિ ચેટિયાએ સુપ્રિમ કોર્ટ દ્વારા નિયુક્ત 'પીડિત વન્યજીવોના બચાવ અને સંભાળ માટેની સમિતિ'ને પત્ર લખીને માનિકીને લાંબાગાળાની અદ્યતન સારવાર માટે 'વનતારા' ખાતે મોકલવા વિનંતી કરી હતી. સમિતિ તેમજ અસમ અને ગુજરાત સરકારની જરૂરી મંજૂરીઓ મળ્યા બાદ, વનતારાની ટીમ દ્વારા તેને સુરક્ષિત રીતે જામનગર લાવવામાં આવી છે. વનતારાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, માનિકીના હેલ્થ રિપોર્ટ અનુસાર તેને સુરક્ષિત અને વિશેષ સંભાળવાળા વાતાવરણમાં વ્યાપક વેટરનરી સારવારની જરૂર છે. વનતારા હોસ્પિટલમાં અમારી તાત્કાલિક પ્રાથમિકતા દવાઓ, હાઇડ્રોથેરાપી (પાણી દ્વારા સારવાર) અને એક્યુપંક્ચર પદ્ધતિ દ્વારા તેની પીડા ઓછી કરવાની છે.

## ધ્રોલના લતીપર નજીક ગમખ્વાર અકસ્માતઃ ત્રણના ઘટનાસ્થળે જ મોત, ૬ ગંભીર ઈજાગ્રસ્ત

### સામસામે ધડાકાભેર અથડાયેલી બંને કારના કુચ્ચેકુચ્ચા ઉડ્યા; ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા, પોલીસ તપાસ શરૂ



તસવીરઃ હિરેન ગાંધી





**સમય સંદેશઃ ધ્રોલ**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામ નજીક બુધવારે એક અત્યંત હૃદયદ્રાવક અને ગંભીર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. અહીં બે કાર વચ્ચે સર્જાયેલી ભયાનક ટક્કરમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા છે, જ્યારે અન્ય છ લોકોને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, લતીપર ગામ પાસેથી પસાર થઈ રહેલી બે કાર કોઈ કારણોસર સામસામે ધડાકાભેર અથડાઈ પડી હતી. આ ટક્કર એટલી જોરદાર અને ભયાનક હતી કે બંને વાહનોના આગળના ભાગનો કુરચો બોલી ગયો હતો અને વાહનોને ભારે નુકસાન પહોંચ્યું હતું. અકસ્માતનો

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં વસઈ નજીક ચોકલેટના કારખાનામાં આગઃ ફાયર બ્રિગેડે આગ પર કાબૂ મેળવ્યો, મોટી જાનહાનિ ટળી



તસવીરઃ હિરેન ગાંધી





**સમય સંદેશઃ જામનગર**

જામનગર નજીક આવેલા વસઈ ગામ પાસેની 'સ્વાન ચોકલેટ ફેક્ટરી'માં બપોરે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. ફેક્ટરીમાં રાખવામાં આવેલા ચોકલેટના પ્લાસ્ટિક પેકિંગ મટીરિયલમાં આગ લાગવાને કારણે તેણે ઝડપથી મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું અને ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી દેખાયા હતા, જેના લીધે સ્થાનિક પંથકમાં દોડધામ મચી ગઈ હતી.

બપોરે ૨:૧૪ કલાકે કંટ્રોલ રૂમમાંથી જાણ થતાં જ જામનગર ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આગની ગંભીરતા જોતા એક પછી એક એમ બે ફાયર ફાઈટરની ગાડીઓ મોકલવામાં આવી હતી. સ્ટેશન ફાયર ઓફિસર સુમડ ઉપેન્દ્રના જણાવ્યા અનુસાર, ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો, જેથી મોટી જાનહાનિ ટળી હતી.

આગ લાગી ત્યારે ફેક્ટરીમાં મોટી સંખ્યામાં શ્રમિકો કામ કરી રહ્યા હતા, પરંતુ પ્રાથમિક

અનુ પાના નં.૨ પર

## NEET પેપર લીક મામલે જામનગરમાં કોંગ્રેસ દ્વારા ભાજપ પર આકરા પ્રહાર

### દેશભરમાં ૨૨ લાખ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાંનો આરોપ; 'છાત્ર ગુંજ' આંદોલનની જાહેરાત




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં પૂર્વ ધારાસભ્ય અને પ્રભારી લલિત વસોયાએ શિક્ષણ વ્યવસ્થામાં વધી રહેલા ભ્રષ્ટાચાર અને NEET પરીક્ષાના કથિત કૌભાંડ મુદ્દે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો કે શિક્ષણના નામે ખુલ્લી લૂંટ ચાલી રહી છે, જેના વિરોધમાં કોંગ્રેસ આગામી દિવસોમાં સમગ્ર ગુજરાતમાં 'છાત્ર ગુંજ' અભિયાન હેઠળ ઉગ્ર આંદોલન કરશે.

લલિત વસોયાએ જણાવ્યું કે NEET પરીક્ષામાં દેશભરના ૨૨ લાખ અને ગુજરાતના ૮૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કથિત પેપર લીક અને ગેરરીતિઓના કારણે લાખો વિદ્યાર્થીઓના સપનાઓ અને તેમના માતા-પિતાની વર્ષોની મહેનત પર પાણી ફરી વળ્યું છે. આ ભ્રષ્ટાચારના કારણે યુવાનોમાં માનસિક તણાવ વધ્યો છે અને કેટલાક વિદ્યાર્થીઓ આત્મહત્યા જેવા ગંભીર પગલાં ભરવા મજબૂર બન્યા છે.

ભાજપના "૭૦ વર્ષમાં શું કર્યું?" ના સવાલનો જવાબ આપતા વસોયાએ જણાવ્યું કે કોંગ્રેસ શાસનમાં જ ગરીબો માટે શિક્ષણના દ્વાર ખૂલ્યા હતા અને IIT, IIM તેમજ AIIMS જેવી વૈશ્વિક સંસ્થાઓ સ્થપાઈ હતી. આ સાથે જ તેમણે સરકારને ઘેરતા ત્રણ સવાલો પૂછ્યા કે: વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે વારંવાર ચેડાં કેમ થાય છે?, પેપર લીકના મુખ્ય સૂત્રધારો સામે કડક કાર્યવાહી કેમ થતી નથી?, અને યુવાનોનો શિક્ષણ પરથી તૂટી રહેલા વિશ્વાસ માટે જવાબદાર કોણ?

## જામનગરમાં ટ્યુશન ક્લાસીસ પર ફાયર વિભાગની કડક કાર્યવાહીઃ નિયમોના ભંગ બદલ બે સંસ્થાઓ સીલ







તસવીરઃ હિરેન ગાંધી








**સમય સંદેશઃ જામનગર**

લખનઉમાં સર્જાયેલી આગની ગંભીર દુર્ઘટના બાદ જામનગર મહાનગરપાલિકાના કમિશનરની સૂચનાથી ફાયર વિભાગ સંપૂર્ણ એક્શન મોડમાં આવ્યું છે. વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગની વિશેષ વોર્ડ વાઇઝ ટીમો દ્વારા શહેરમાં આવેલા ટ્યુશન ક્લાસીસનું સઘન સર્વેક્ષણ અને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ કડક તપાસ ઝુંબેશ દરમિયાન ફાયર સેફ્ટીના નિયમોનો સરેઆમ ભંગ કરવા બદલ ગુરુદ્વારા ચોકડી પાસે આવેલા 'સૌમેયા ક્લાસીસ' અને લીમડા લાઈન વિસ્તારમાં આવેલા 'સ્મિતા ક્લાસીસ'ને ફાયર વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી સીલ કરી દેવામાં આવ્યા છે. મનપાના સ્ટેશન ફાયર ઓફિસર જયવીરસિંહ રાણાના જણાવ્યા અનુસાર, આ વિશેષ ઝુંબેશ હેઠળ ટ્યુશન ક્લાસીસ પાસે માન્ય ફાયર એનઓસી છે કે નહીં અને તેમની ફાયર સેફ્ટી સિસ્ટમ ખરેખર કાર્યરત છે કે નહીં તેની બારીકાઈથી ચકાસણી કરવામાં આવી રહી છે. ખાસ કરીને જે ક્લાસીસમાં બહાર નીકળવા માટે

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..

### બદલાતા વ્હેણ !

ભારત સરકારના રાષ્ટ્રીય ધોરિમાર્ગના બાંધકામની એક કડક આચાર સંહિતા છે કે ચારફૂટ જેટલો પહોળો પ્રવાહ પણ જ્યાં વહેતો હોય ત્યાં ગરનાળા કે પુલ બાંધવા પરંતુ એનું માટીથી કદી પુરાણ કરવું નહિ. વડોદરા શહેરના પાણીનો નિકાલ કરવા માટેની કોર્પોશને બનાવેલી અને કુદરતી રીતે બનેલી એવી જે વિવિધ કાંસ હોય છે તે વરસોવરસ કૌભાડકારી પ્રવૃત્તિઓથી પુરાતી આવી છે. વડોદરા શહેરના બાહ્ય વિસ્તારોમાં જ્યાં કાંસ હતી ત્યાં બિલ્ડરોએ માટીના પુરાણ કરેલા છે અને એના પર વિશાળ બાંધકામ પ્રોજેક્ટ મુકેલા છે. વડોદરામાં નવા બંધાયેલા સંખ્યાબંધ પ્રોજેક્ટ એવા છે કે જે ભવિષ્યમાં પણ ચોમાસામાં સંપૂર્ણ સલામત નીવડવાના નથી. અગાઉ વિશ્વામિત્રી નદી વડોદરા શહેરના કિનારાના વિસ્તારોને ભીંજવીને પસાર થઈ જતી હતી, પરંતુ નદીને પસાર થવા માટેના અને એની ક્ષમતા કરતા વધારાના પાણીને ઉપ પ્રવાહોમાં વાળવા માટેના જે માર્ગો હતા તે બધા પર લાખો ટન માટીનું પુરાણ કરીને પ્રોજેક્ટ મુકવામાં આવેલા છે. આજે પણ કોઈ વડોદરાના બાહ્ય વિસ્તારોનો પ્રવાસ કરે તો એને બહુ આસાનીથી કોઈને કોઈ કાંસના પુરાણનું ચાલુ કામ નજરોનજર જોવા મળે એમ છે. આપણા રાજનેતાઓ અને સરકારી એન્જિનિયરોએ ભવિષ્યનો વિચાર કર્યા વિના લક્ષ્મીના દાસ બનીને જે કૌભાંડો આચર્યા છે એણે વીરક્ષેત્ર ગણાતા વડોદરા જેવા સુંદર શહેરનું નિકંદન કાઢી નાખ્યું છે. માત્ર ગુજરાતના જ નહીં પરંતુ દેશના કેટલાક સુંદર સિટી પ્લાનિંગ ધરાવતા રાજવી શહેરોમાં વડોદરાનું નામ છે. આ નામને ભૂંસવા માટે વડોદરાના સત્તાધિકારીઓ ઘણા વર્ષોથી પાછળ પડેલા છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડ પાસે અનેક વિદ્યાઓની યોગ્યતા હતી. તેઓ રાત્રિસભાના શોખીન હતા. લગભગ દરરોજ રાત્રે તેઓ વિદ્વાનો સાથે ગોષ્ઠી કરતા અને તેમાં સતત પ્રજાની સુખાકારીની ચિંતા કરતા. વડોદરા શહેરના આધુનિકરણ માટે તેમણે તત્કાલીન ભારતીય અને બ્રિટિશ સ્થપતિઓની સેવાઓ લીધી હતી. ઉપરાંત તેમની પોતાની પણ આગવી દ્રષ્ટિનો વડોદરાને લાભ મળ્યો છે.એ વડોદરા શહેર ચોમાસે વિશ્વામિત્રી નદીના પ્રલયકારી જળ સામે નિઃસહાય જોવા મળે છે અને શહેરની મહાપાલિકાએ નગરજનોને ભગવાન ભરોસે છોડી દે છે. ઉદાહરણ તરીકે અમદાવાદનું વસ્ત્રાપુર તો તળાવ ઉપર જ રચાયેલું ઉપનગર છે, એ ગમે ત્યારે અડધી રાતે પણ પાણીમાં ગરકાવ થઈ શકે છે. કારણ કે આસપાસના સો કિલોમીટરના વિસ્તારમાં ચોતરફનો ઢાળ વસ્ત્રાપુર તરફનો જ છે જે ભૂસ્તરીય હોવાથી એમ કંઈ સગી આંખે જોઈ શકાતો નથી.



# હાલારના હાલહવાલ

# મોહરમને અનુલક્ષીને ખંભાળીયામાં પોલીસનું ફૂટ પેટ્રોલીંગ




આગામી દિવસોમાં આવનારા મોહરમના તહેવારોને ધ્યાને લઈને ખંભાળિયાના ડીવાયએસપી મીત રુદ્લલાલ, પી.આઈ. તથા સ્ટાફ દ્વારા ગતસાંજે શહેરની મુખ્ય બજારોમાં ફૂટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું હતું. જેમાં પોલીસ અધિકારીઓએ તાજીયાના આયોજકો સાથે વિવિધ મુદ્દે ચર્ચા-વિચારણાઓ કરી હતી. તહેવારો દરમિયાન કોઈ અનઈચ્છનિય બનાવ ન બને તે માટે તંત્ર સજ્જ છે.

## જામનગર શહેરનો વધુ એક બુટલેગર પાસામાં ધકેલાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે પોલીસતંત્ર દ્વારા અસામાજીક તત્વો સામે લાલઆંખ કરી છે. જેના ભાગરૂપે જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શનને પગલે પ્રોહિબીશનના એક આરોપી સામે પાસાની કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

રાજકોટ રેન્જ આઇજીની સુચનાને પગલે જામનગર પોલીસતંત્રએ આરોપીઓ સામે કાયદાનો દંડો ઉગામ્યો છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઇ રહે તેના અનુસંધાને જિલ્લા પોલીસવડા ડો.રવિ મોહન સૈની દ્વારા એલસીબી પીઆઇ અને સિટી સી ડિવિઝન પોલીસ મથકના પીઆઇને અગાઉ પ્રોહિબીશનના ગુન્હામાં ઝડપાયેલ કાયાભાઇ કરશનભાઇ સાખરા (રહે.ડીફેન્સ કોલોની, વુલનમીલ પાછળ, જામનગર) નામના આરોપી સામે





પાસાની કલમ હેઠળ કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી હતી.

જેને પગલે દારૂના ગુન્હામાં ઝડપાયેલા આ આરોપીને સુરત ખાતેની લાજપોર જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.આ કામગીરી એલસીબી પીઆઇ વી.બી.ચૌધરી તથા પીએસઆઇ એમ.વી.ભાટિયા તથા સ્ટાફના હીરેનભા વરણવા, શરદભાઇ પરમાર, સુરેશભાઇ માલકિયા તથા સિટી સી ડિવિઝન પોલીસ મથકના પીઆઇ એન.બી.ડાભી, સ્ટાફના રાજનભાઇ, યોગરાજસિંહ દ્વારા કરવામાં આવી હતી.

## ફરજમાં બેદરકારી અને સત્તાના દુરઉપયોગ મામલે પોલીસમેન સસ્પેન્ડ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના સિટી-એ ડિવિઝન પોલીસ મથકમાં ફરજ બજાવતા લોકરક્ષક અજયસિંહ પ્રભાતસિંહ જાડેજાને જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની દ્વારા તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. તેમની સામે ફરજ દરમિયાન ગંભીર પ્રકારની બેદરકારી, નિષ્કાળજી તથા પોલીસ સત્તાના દુરુપયોગના આક્ષેપો સામે આવ્યા છે.

સસ્પેન્શન આદેશ મુજબ અજયસિંહ જાડેજા તા. ૨૨ જૂન ૨૦૨૬ના રોજ ડાયલ-૧૧૨જનરક્ષક પીસીઆર વાનના ઇન્ચાર્જ તરીકે ફરજ પર હતા. આરોપ છે કે તેઓ ચાલુ ફરજ દરમિયાન નિયમિત પોલીસ યુનિફોર્મમાં ન હતા અને કોઈ સક્ષમ અધિકારીની મંજૂરી કે સૂચના વગર ડાયલ-૧૧૨ મોબાઇલ વાન લઈને પોતાના નિર્ધારિત પેટ્રોલિંગ રૂટની બહાર ગયા હતા. આક્ષેપ મુજબ તેઓ જામનગરના અન્ય ત્રણ વ્યક્તિઓને લઈને પંચ બી. પોલીસ સ્ટેશન વિસ્તારમાં પહોંચ્યા હતા. ત્યાં અકસ્માત સંબંધિત મુદ્દે બોલાચાલી દરમિયાન પોલીસ કર્મચારીએ એક પક્ષનો તરફેણી વલણ અપનાવ્યું હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. સસ્પેન્શન આદેશમાં વધુમાં જણાવાયું હોવાનું જાણવા મળે છે કે સંબંધિત વ્યક્તિ કેફી પદાર્થના પ્રભાવ હેઠળ હોવાની જાણ હોવા છતાં પોલીસ કર્મચારીએ તેની તરફેણ કરી અન્ય વ્યક્તિઓ સાથે બોલાચાલી અને ઝઘડાની પરિસ્થિતિ સર્જી હતી. સમગ્ર ઘટનાને ગંભીર શિસ્તભંગ અને ફરજ પ્રત્યેની બેદરકારી ગણાવી જિલ્લા પોલીસ વડાએ તેમની સામે સસ્પેન્શનની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ વિભાગ દ્વારા સમગ્ર મામલે વિભાગીય તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. તપાસ પૂર્ણ થયા બાદ વધુ કાર્યવાહી કરવામાં આવશે.

## એડવાન્સ ટેકસ રિબેટ યોજનામાં જામનગર મહાનગરપાલિકાને ૩૧.૫૬ કરોડની આવક

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા તારીખ ૧ લી મે થી એડવાન્સ વેરા ભરનારા મિલ્કતધારક અને નળ કનેક્શન ધારક નાગરિકો માટે વેરામાં ૧૦ થી ૨૫ ટકાની રાહતની યોજના લાગુ થયા બાદ તંત્રને અત્યાર સુધીમાં રજાઓને બાદ કરતા કામકાજના ૪૩ દિવસોમાં ૬૪,૩૭૫ મિલ્કત ધારકો, પાણી કનેક્શન ધારકોએ તંત્રની તિજોરીમાં રૂ.૩૧.૫૬ કરોડ જમા કરાવીને રૂ.૩.૮૩ કરોડનું રીબેટ મેળવ્યું છે. તંત્રનો અનુરોધ છે કે, આ યોજનાના હવે માત્ર છ જ દિવસો બાકી છે. તો વધુમાં વધુ લોકો એડવાન્સ વેરા રિબેટ મેળવે તેવો તંત્રે અનુરોધ કર્યો છે. મહાનગરપાલિકાના વિસ્તારમાં કુલ ૩.૨૪ લાખ જેટલી મિલ્કતો આવેલી છે. જેના ધારણકર્તાઓ એડવાન્સમાં મિલ્કતના વેરા તેમજ પાણીના ચાર્જિસ ભરે તો તેને કેટેગરી મુજબ ૧૦ થી ૨૫ ટકા સુધીના વળતરની યોજના (રીબેટ સ્કીમ) મ્યુ. તંત્ર દર વર્ષે મુકે છે. જે મુજબ ચાલુ વર્ષે તારીખ જલી મે થી આ યોજના અમલમાં લાવવામાં આવી હતી. જેમાં તંત્રને ૪૩,૮૩૭ મિલ્કત ધારકોએ એડવાન્સ વેરા પેટે ૨૭ કરોડ, ૯૪ લાખ ૭૫,૯૦૮ રૂપિયા ભરીને ૩ કરોડ, ૩૨ લાખ ૮૬,૯૨૦નું રીબેટ (ડિસ્કાઉન્ટ) મેળવ્યું હતું. આ જ રીતે પાણીના ચાર્જિસ પેટે ૨૦,૫૩૮ નળ કનેક્શન ધારકોએ ૩ કરોડ, ૫૧ લાખ, ૨૪, ૮૦૨ રૂપિયા ભરીને રૂ.૫૦લાખ ૫૨,૮૮૦નું રીબેટ મેળવ્યું છે. આમ તંત્રને કામકાજના ૪૨ દિવસોમાં કુલ ૬૪,૩૭૫ કરદાતાઓ દ્વારા તા.૨૩ જુન સુધીમાં રૂપિયા ૩૧ કરોડ, ૫૯ લાખ અને ૭૧૦ની આવક થઈ છે. જે સામે નાગરિકોએ પણ રૂપિયા ૩ કરોડ, ૮૩ લાખ ૩૯, ૮૦૦નું રીબેટ (ડિસ્કાઉન્ટ) મેળવ્યું છે.

## ખંભાળીયાના ઘી ડેમમાંથી યુવાનનો મૃતદેહ સાંપડયો





**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાના પાદરમાં આવેલા ઘી ડેમમાં એક વ્યક્તિ ડૂબી હોવા અંગેની સ્થાનિકો દ્વારા ખંભાળિયા ફાયર વિભાગને કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને જિલ્લા ફાયર અધિકારી મિતરાજસિંહ પરમારની સૂચના મુજબ ફાયર સ્ટાફના જવાનો તાકીદે ઘટના સ્થળે દોડી ગયા હતા અને આશરે દોઢેક કલાકની લાંબી જહેમત બાદ પાણીમાં ડૂબેલા મૃતદેહને શોધી કાઢવામાં આવ્યો હતો. જેમાં મૃતકનું નામ કાળુભાઈ ભીખાભાઈ પરમાર (ઉ.વ. ૪૦) હોવાનું જાહેર થયું છે. આ બનાવ આપઘાતનો છે કે અકસ્માતનો તે અંગે વધુ કોઈ ચોક્કસ બાબત જાણવા મળી નથી.

## કાલાવડ તાબેના ટોડા ગામે વાય આવવાથી કૂવામાં પડી જતાં ખેતમજૂર યુવકનું મોત

**સમય સંદેશઃ કાલાવડ**

મૂળ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ભુવેરા ગામના વતની અને હાલ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ટોડા ગામે અમૃતભાઇની વાડીએ રહેતાં અને ખેતમજૂરીનું કામ કરતાં દસુભાઇ બિજ્યાભાઇ પરમાર (ઉ.વ.૪૦) નામના યુવાનને છેલ્લા ચારેક વર્ષથી વાયની બિમારી લાગુ પડી હતી. દરમિયાન ગઇકાલે યુવાન સવારે સાડા આઠેક વાગ્યે વાડીમાં આવેલ કૂવા નજીક કામ કરતો હોય ત્યારે વાય આવી જતાં કૂવામાં પડી ગયો હતો. જેથી તેને માથામાં ગંભીર ઇજાઓ પહોંચી હતી અને યુવાનનું મોત નિપજ્યું હતું. યુવાનના મોતને પગલે પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. આ બનાવ અંગે મૃત્તક યુવાનના નાનાભાઇ મુકેશભાઇ પરમારે પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકના એમ.એમ.ચાવડા સહિતનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સ્થળ પર પહોંચી યુવાનના મૃત્તદેહને કૂવામાંથી બહાર કઢાવી પીએમ સહિતની કાર્યવાહી અર્થે હોસ્પિટલ મોકલી આપી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


## અનુસંધાન

### કર્મીઓ ઉપર હુમલો

(પાના નં. ૪ થી આગળ)

ઘટનાની જાણ કરી હતી. એસ્ટેટ શાખાની ટીમ દબાણ હટાવવા પહોંચી ત્યારે કેટલાક દબાણકારોએ મરચાનો સ્પ્રે ઉડાડયો હતો અને પથ્થર તથા પ્લાસ્ટીકની બોટલો વડે હુમલો કરતા ચાર કર્મચારીઓને ઇજા પહોંચી હતી.

ઇજાગ્રસ્તોને સારવાર માટે જી.જી.માં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવની જાણ થતા સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન ધીરેનકુમાર મોનાણી, ડે.મેયર રાકેશભાઇ ડેર, શાસક પક્ષના નેતા અમરભાઇ મોદી તથા એસ્ટેટ શાખાના કંટ્રોલીંગ અધિકારી મુકેશભાઇ વરણવા વિગેરે હોસ્પિટલ દોડી ગયા હતા.

### પાંચ ટ્રકો ઝડપાઈ

(પાના નં. ૪ થી આગળ)

તમામ પોરબંદર વિસ્તારના રહીશ છે. આ સમગ્ર કાર્યવાહી એસ.ઓ.જી. વિભાગના પી.આઈ. વી.એ. રાણા, પી.એસ.આઈ. ડી.એ. વાળા, સજુભા જાડેજા, હરદેવસિંહ જાડેજા, કાનાભાઈ માડમ, પૃથ્વીરાજસિંહ વાઘેલા, કિશોરસિંહ જાડેજા, હરદીપસિંહ જાડેજા, નિર્મલભાઈ આંબલીયા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, મહાવીરસિંહ ગોહિલ, સુમાતભાઈ ભાટીયા અને કૃષ્ણરાજસિંહ જાડેજાની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

### દરિયાકાંઠે મરીન ટાસ્ક

(પાના નં. ૩ થી આગળ)

આવ્યું હતું. તા.૨૩/૦૬/૨૦૨૬ના રોજ જામનગર જિલ્લાના સચાણા તેમજ સિક્કા ખાતેના સરમતભુંગા ગામની સરકારી શાળાઓમાં નસ્ત્રશાળા પ્રવેશોત્સવસ્ત્રસ્ત્ર અને વૃક્ષારોપણ''ના સંયુક્ત કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમમાં મરીન ટાસ્ક ફોર્સના પીઆઈ ધરમવીર આર. યાદવ, પીએસઆઈ જી.એમ.બોપલિયા, પીએસઆઈ ડી.એચ.જાડેજા, પીઆઈ બી.એચ.ચાવડા સહિતના મરીન કમાન્ડો હાજર રહ્યા હતા.

તેમની સાથે સિંચાઈ વિભાગના કાર્યપાલક ઇજનેર રવિકુમાર અકબરી, RFO કે.આર.ચુડાસમા, તાલુકા શિક્ષણ અધિકારી ઝાલા, શફાળાના આચાર્યાઓ તૃપ્તિબેન રૂપાડીયા, જીજ્ઞાબેન નકુમ, રમીલાબેન વાણીયા, સરપંચશ્રી અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. મરીન કમાન્ડો દ્વારા શાળામાં નવા પ્રવેશતા બાળકોનું ભવ્ય સ્વાગત કરી તેમને જીવનમાં રાખવાની સાવચેતી, શિષ્ટાચાર અને રાષ્ટ્રભક્તિ અંગે રસપ્રદ માર્ગદર્શન પૂરું પાડી ગ્રામજનો સાથે સુમેળભર્યો સંવાદ સાધવામાં આવ્યો હતો.

### ગુનાહિત પ્રવૃત્તિઓ

(પાના નં. ૩ થી આગળ)

ખંડણી, ચોરી, મારામારી, માદક પદાર્થ ગાંજાનું વેંચાણ, ખરીદ અને હેરફેર અને પોલીસ ઉપર હુમલા જેવા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. જેથી તેની સામે ગુજસીટોક હેઠળ ચાલી રહેલા કેસને ધ્યાને લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા તેને ટ્રાયલ પૂર્ણ ન થાય ત્યાં સુધી દ્વારકા જિલ્લામાં પ્રવેશ ન કરવા હુકમ કરવામાં આવ્યો હતો. તેમ છતાં પણ ઉપરોક્ત શખ્સ સલાયામાં પ્રવેશી મૂઠ સાથે ઝડપાઈ ગયો હોય, સ્થાનિક પોલીસે તેની સામે જુદી જુદી કલમ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી હતી.આ કાર્યવાહીમાં અહીંના ડીવાયએસપી મીત રુદ્દલાલ અને પી.આઈ. જે.એમ. ચાવડાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના ઓમદેવસિંહ જાડેજા, પીઠાભાઈ જોગલ, કરણભાઈ સોંદરવા અને વિપુલભાઈ ડાંગર જોડાયા હતા.

### નેત્રમ ટીમ

(પાના નં. ૩ થી આગળ)

જામનગર જિલ્લાને પ્રથમ રેન્ક ત્યારે ગત મેળવવા બદલ રાજ્યના ડીજીપી ત્રિ-માસી જી.એસ.મલીકના હસ્તે પીએસઆઈ આવ્યો હ બી.બી.સિંગલને પ્રમાણપત્ર એનાયત પ્રથમ નંબ કરવામાં આવેલ છે.

### ટ્યુશન ક્લાસીસ પર

(પાના નં. ૧ થી આગળ)

માત્ર એક જ એક્ઝિટ (સિંગલ એન્ટ્રી-એક્ઝિટ) છે, તેવા સંચાલકોને વિદ્યાર્થીઓની સલામતી માટે તાકીદે વધારાની ઇમરજન્સી એક્ઝિટ બનાવવાની કડક સૂચના સાથે નોટિસ ફટકારવામાં આવી રહી છે.

આ કાયદાકીય અને વહીવટી કાર્યવાહીની સાથે-સાથે ફાયર વિભાગ દ્વારા શૈક્ષણિક સંસ્થાઓમાં વિશેષ જાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે ક્લાસીસમાં વિદ્યાર્થીઓ માટે ફાયર સેફ્ટી અંગેની મોક ડ્રિલ યોજવામાં આવી રહી છે. આ તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓને આગ જેવી કટોકટીભરી અને આકસ્મિક સ્થિતિમાં પોતાનો બચાવ કઈ રીતે કરવો, તેમજ આવી ઘટનાઓ વખતે શું કરવું અને શું ન કરવું તેનું પ્રાયોગિક જ્ઞાન આપીને સુરક્ષા પ્રત્યે સતર્ક કરવામાં આવી રહ્યા છે.

### કારખાનામાં આગ

(પાના નં. ૧ થી આગળ)

તપાસમાં બહાર આવ્યું છે કે કારખાનામાં કોઈ પણ પ્રકારની ફાયર સેફ્ટી સિસ્ટમ લગાવવામાં આવી ન હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ તે શોર્ટ સર્કિટ અથવા અન્ય કોઈ અકસ્માત હોવાની આશંકા સાથે વહીવટી તંત્ર દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### ગમખ્વાર અકસ્માત

(પાના નં. ૧ થી આગળ)

અવાજ સાંભળીને આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા તમામ છ લોકોને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તબીબોના જણાવ્યા મુજબ, ઇજાગ્રસ્તોમાં કેટલાકની સ્થિતિ હજુ પણ અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

બીજી તરફ, પોલીસે ત્રણેય મૃતકોના શબને કબજે લઈ પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યા છે. આ અકસ્માત કયા કારણોસર સર્જાયો, સ્પીડ વધુ હતી કે અન્ય કોઈ ખામી, તે દિશામાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ગોઝારા અકસ્માતને પગલે સ્થાનિક પંથકમાં અને મૃતકોના પરિવારોમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે.

### રેશન સિસ્ટમમાં થશે ફેરફાર

(પાના નં. ૧ થી આગળ)

કરવા અને તમામ લાભાર્થીઓને સમાન અને ન્યાયી ધોરણે અનાજનો હક આપવા માટે આ નવી વ્યવસ્થા અમલમાં મૂકવાની જરૂરિયાત ઊભી થઈ છે. આ નવો ખરડો કાયદાનું સ્વરૂપ ધારણ કરશે ત્યારે રેશન વિતરણ વ્યવસ્થામાં વ્યાપક પારદર્શિતા આવશે અને કાળાબજાર પર અંકુશ મેળવવામાં સરળતા રહેશે. આ વ્યવસ્થાથી એ સુનિશ્ચિત થઈ શકશે કે પરિવારના દરેક સભ્યને તેની વાસ્તવિક જરૂરિયાત મુજબ અનાજ મળી રહે. ખાસ કરીને મોટા અને અત્યંત જરૂરિયાતમંદ પરિવારો માટે આ નવો નિયમ સીધો ફાયદાકારક સાબિત થઈ શકે છે, કારણ કે હવે રેશનનો જથ્થો સીધો પરિવારના સભ્યોની સંખ્યા પર નિર્ભર રહેશે, જેનાથી અનાજનો સદુપયોગ થશે.

કેન્દ્ર સરકારે આ સંવેદનશીલ અને મહત્વપૂર્ણ પ્રસ્તાવિત વિધેયકને સીધેસીધું લાગુ કરવાના બદલે લોકતાંત્રિક પ્રક્રિયા અપનાવી છે. સરકારે આ ખરડા પર દેશની સામાન્ય જનતા, અન્ન સુરક્ષાના નિષ્ણાતો, સામાજિક સંગઠનો અને તમામ હિતધારકો પાસેથી સત્તાવાર સૂચનો, મંતવ્યો અને વાંધાઓ મંગાવ્યા છે. આ કાયદાકીય મુસદ્દા અંગે રસ ધરાવતા લોકો અને નાગરિકો ૧૩ જુલાઈ ૨૦૨૬ સુધીમાં પોતાના રચનાત્મક વિચારો અને સૂચનો ઓનલાઈન કે ઓફલાઈન માધ્યમથી સરકારના સંબંધિત વિભાગને મોકલી શકે છે. આ નિર્ધારિત સમયમર્યાદા બાદ પ્રાપ્ત થયેલા તમામ સૂચનોની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવશે અને તેમાં જરૂરી ફેરફારો કે સુધારા-વધારા કરીને જ આ વિધેયકને સંસદમાં આગળની કાયદાકીય પ્રક્રિયા માટે મૂકવામાં આવશે.

### ખામેનેઇના અંતિમ સંસ્કાર

(પાના નં. ૧ થી આગળ)

ભારત તરફથી પીએમ નરેન્દ્ર મોદી પોતે જશે કે અન્ય કોઈ વરિષ્ઠ મંત્રી કે રાજદ્વારી પ્રતિનિધિમંડળ જોડાશે તે અંગે ભારતીય વિદેશ મંત્રાલયે હજુ સ્પષ્ટતા કરી નથી.

ઈરાન સરકાર આ આયોજનને ઐતિહાસિક બનાવવા તમામ તૈયારીઓ પૂર્ણ કરી ચૂકી છે. જે અંતર્ગત ૪ અને ૫ જુલાઈએ તેહરાનની પ્રખ્યાત ઇમામ ખુમેની ગ્રાન્ડ મોસલ્લા ખાતે ખામેનેઇના પાર્થિવ દેહને સામાન્ય જનતાના અંતિમ દર્શન માટે રાખવામાં આવશે. ત્યારબાદ ૬ જુલાઈએ તેહરાનમાં વિશાળ અંતિમ યાત્રા નીકળશે, જેમાં ૨૪ કલાક સુધી સતત ધાર્મિક વિધિઓ ચાલશે અને દેશભરમાં સરકારી રજા જાહેર થઈ શકે છે. ૭ જુલાઈએ પવિત્ર શહેર ક્યોમ (ચક્ષળ) ખાતે વિશેષ ધાર્મિક સમારોહ યોજાશે અને અંતે ૯ જુલાઈએ ખામેનેઇના પાર્થિવ દેહને તેમના ગૃહનગર મશહદ ખાતે આવેલી પવિત્ર ઇમામ રઝા દરગાહમાં પ્રોટોકોલ સાથે દફનાવવામાં આવશે.

### પૂરે વેર્યો વિનાશ


(પાના નં. ૧ થી આગળ)


પ્રસર્યું હતું પ્રાથમિક નુકસાનના અંદાજ મુજબ લુક્સિન ગામમાં દુખુમ સહિત અનેક લોકોનાં મકાનો અને અન્ય ઇમારતોને નુકસાન થયું છે. અનાનસ, કેળાં અને સંતરાના બાગો સહિત બાગાયતી અને કૃષિ પાકોને પણ ભારે અસર પહોંચી છે. અધિકારીઓએ જણાવ્યું છે કે વિગતવાર અહેવાલ હજુ તૈયાર કરવામાં આવી રહ્યો છે. ચિચી ગામ સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાંનું એક રહ્યું હતું, જ્યાં પૂરનું પાણી વસાહતના મોટા ભાગમાં ફરી વળ્યું હતું. સ્થાનિક લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢીને નજીકનાં મકાનોમાં ખસેડવામાં આવ્યા હતા. અત્યાર સુધી કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી. હવામાન વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ અચાનક પૂર ઘણા દિવસોની સતત વરસાદી પરિસ્થિતિને કારણે નહીં, પરંતુ વાદળ ફાટ્યા જેવી ટૂંકા ગાળાની અત્યંત ભારે વરસાદી ઘટનાને કારણે આવ્યું છે.

## ચોમાસામાં થઈ રહેલાં વિલંબને પગલે જામનગરના ૧૨ ઝોનમાં હવેથી એકાંતરા પાણીનો નિર્ણય લેતી મનપા

ચોમાસાના આગમનમાં થઈ રહેલા વિલંબ અને ચાલુ વર્ષે ઓછો વરસાદ થવાની વર્તાઈ રહેલી શક્યતાઓને પગલે જામનગર મહાનગરપાલિકા દ્વારા પાણીના વપરાશને લઈને એક અત્યંત મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મ્યુનિસિપલ વહીવટી ભવન ખાતેથી લેવાયેલા આ નિર્ણય મુજબ, હવેથી શહેરના તમામ ૧૨ ઝોનમાં એકાતરા (એક દિવસ છોડીને એક દિવસ) પાણીનું વિતરણ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી જામનગર શહેરના કુલ ૧૨ ઝોનમાંથી ૬ ઝોનમાં દૈનિક (રોજ) પાણી વિતરણ કરવામાં આવી રહ્યું હતું. પરંતુ વર્તમાન પરિસ્થિતિ અને જળાશયોમાં પાણીની આવક તેમજ સંગ્રહને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં પાણીની કટોકટી ન સર્જાય તે માટે તંત્ર દ્વારા અગમચેતીના ભાગરૂપે આ આકરો નિર્ણય લેવાની ફરજ પડી છે. મહાનગરપાલિકાના આ નિર્ણયથી હવેથી શહેરના તમામ વિસ્તારોમાં સમાન ધોરણે એકાતરા પાણી મળશે, જેથી આગામી દિવસોમાં પાણીની વ્યવસ્થા જાળવી શકાય. નાગરિકોને પણ પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

# જામનગરમાં ખોજા શિયા સમાનો અંગારા પરઃ શહીદોની યાદમાં ૬૦ વર્ષ જૂની પરંપરા જાળવી રાખી



તસવીરઃ હિરેન ગાંધી

જામનગરમાં મોહરમના અવસરે ખોજા શિયા ઇસ્ના અશરી જમાત દ્વારા આ વર્ષે પણ 'આગ પર માતમ' મનાવવામાં આવ્યો હતો. ૮મી મોહરમની રાત્રે શ્રદ્ધાળુઓ કરબલાના શહીદોની યાદમાં ધખધખતા અંગારા પર ખુલ્લા પગે ચાલ્યા હતા. આ ધાર્મિક વિધિ છેલ્લા ૫૦ થી ૬૦ વર્ષથી જામનગરમાં યોજાય છે. હઝરત ઇમામ હુસૈન અને તેમના સાથીદારોની શહાદતને શ્રદ્ધાંજલિ આપવા માટે સમાજના આગેવાનો, યુવાનો અને વૃદ્ધો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. 'યા હુસૈન' અને 'હુસૈનિયા ઝિંદાબાદ'ના નારાઓથી વાતાવરણ ગમગીન બન્યું હતું. આ દ્રશ્યો જોવા માટે જામનગર શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. સમાજના અગ્રણી અલી રઝા કામાણીએ આ પરંપરા વિશે માહિતી આપતા જણાવ્યું કે, આ વિધિ ઇમામ હુસૈન અને તેમના પરિવાર દ્વારા ૧૪૦૦ વર્ષ પહેલાં કરબલાના મેદાનમાં આપવામાં આવેલા બલિદાનની યાદમાં કરવામાં આવે છે. ઇમામ હુસૈને ત્રણ દિવસ ભૂખ્યા-તરસ્યા રહીને પોતાના છ મહિનાના પુત્ર અલી અસગર સહિત પરિવાર સાથે ધર્મ માટે મહાન કુર્બાની આપી હતી. આ ધાર્મિક કાર્યક્રમ શાંતિપૂર્ણ અને શિસ્તબદ્ધ માહોલમાં સંપન્ન થયો હતો. ખોજા શિયા સમાજ માટે મોહરમ માસ દરમિયાન આ પરંપરાનું વિશેષ ધાર્મિક અને ભાવનાત્મક મહત્વ છે.

## જામનગરઃ તપસ્વી તરૂણભાઇ મહેતાનું સંથારા પૂર્વક દેહપરિવર્તન થતા જૈન સમાજમાં શોક



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગરના જૈન સમાજ માટે અત્યંત ભાવુક અને શ્રદ્ધાભર્યો પ્રસંગ સર્જાયો છે. જૈન મૂર્તિપૂજક સંપ્રદાયના સુશ્રાવક અને ઉગ્ર તપસ્વી તરુણભાઈ મોહનલાલ મહેતાનું ૨૨મા ઉપવાસે સંથારાપૂર્વક દેહ પરિવર્તન થતાં જૈન સમાજમાં શોકની સાથે તેમની તપસ્યા પ્રત્યે ગૌરવ અને આદરની લાગણી વ્યાપી ગઈ છે. તેમના જીવન દરમિયાન કરેલી કઠિન સાધના અને ધાર્મિક આરાધનાને કારણે તેઓ સમાજમાં વિશેષ સ્થાન ધરાવતા હતા.

મૂળ મહારાષ્ટ્રના જલગાંવના વતની તરુણભાઈ મહેતાએ બાળપણથી જ ધર્મ, તપ અને સંયમનો માર્ગ અપનાવ્યો હતો. જીવનભર તેમણે અનેક પ્રકારની આકરી તપશ્ચર્યાઓ કરી જૈન ધર્મના સિદ્ધાંતોને આત્મસાત કર્યા હતા. છેલ્લા સાત વર્ષથી તેઓ જામનગરમાં સ્થાયી થઈ ધર્મમય જીવન જીવતા હતા અને સતત આરાધના, ઉપવાસ તથા સાધનામાં લીન રહેતા હતા. તેમણે જામનગરમાં રહીને વર્ષીતપ, માસક્ષમણ, સાત ઉપવાસ, આઠ ઉપવાસ, બાર ઉપવાસ તેમજ બેતાલીસ ઉપવાસ જેવી અત્યંત કઠિન તપસ્યાઓ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. તેમની આ ઉગ્ર સાધનાએ જૈન સમાજમાં પ્રેરણારૂપ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અનેક શ્રાવકો માટે તેઓ ત્યાગ, સંયમ અને આધ્યાત્મિક જીવનના જીવંત ઉદાહરણ બન્યા હતા.

તરુણભાઈની ૪૫ ઉપવાસ કરવાની ભાવના હતી. જોકે આરાધનાના આ માર્ગમાં તેમણે આજીવન સંથારો સ્વીકારવાનો નિર્ધાર કર્યો હતો. અન્ન અને જળનો ત્યાગ કરીને તેમણે સંથારાની આરાધના શરૂ કરી હતી. એક પછી એક દિવસની સાધના દરમિયાન તેઓ ૨૨મા ઉપવાસ સુધી પહોંચ્યા હતા અને રાત્રે સૂર્યાસ્તના પવિત્ર સમયે શાંતિપૂર્વક દેહનો ત્યાગ કર્યો હતો.

જૈન ધર્મમાં સંથારાને આત્મકલ્યાણ અને સમાધિમરણનું શ્રેષ્ઠ સાધન માનવામાં આવે છે. સંયમ, સમતા અને વૈરાગ્ય સાથે જીવનના અંતિમ ક્ષણોને સ્વીકારવાનો આ માર્ગ અત્યંત વિરલ અને આધ્યાત્મિક માનવામાં આવે છે. જૈન આગેવાનોના જણાવ્યા મુજબ હજારો શ્રાવકોમાં કોઈ એક વિરલ આત્માને જ આવી આરાધના અને સમાધિ પ્રાપ્ત થતી હોય છે. આ પ્રસંગે જૈન અગ્રણી મનીષાબેન રમેશભાઈ મહેતાએ જણાવ્યું હતું કે તપસ્વી તરુણભાઈના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાય અને તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી ભગવાનના ચરણોમાં સંયમ પ્રાપ્ત કરીને મોક્ષમાર્ગે આગળ વધે તેવી સમગ્ર જૈન સમાજની મંગળ ભાવના છે.

## જામનગરના દરિયાકાંઠે મરીન ટાસ્ક ફોર્સનો સરાહનીય પ્રયાસઃ સચાણા અને સિક્કામાં શાળા પ્રવેશોત્સવ સાથે વૃક્ષારોપણ

### સ્થાનિક લોકો સુરક્ષા એજન્સીના પઆંખ અને કાનથ બને તેવા હેતુ સાથે જનસંપર્ક અભિયાન; કમાન્ડોએ બાળકોને રાષ્ટ્રભક્તિ અને સાવચેતીના પાઠ ભણાવ્યા



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત રાજ્યની દરિયાઈ સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ અને સુચારૂ બનાવવા માટે સ્થાનિક માછીમારો અને સાગરખેડુઓનો સહયોગ અનિવાર્ય છે. આ બાબતને ધ્યાને રાખીને મરીન ટાસ્ક ફોર્સ દ્વારા તટીય વિસ્તારોમાં પબ્લિક કોન્ટેક્ટ અને કમ્યુનિટી એન્ગેજમેન્ટ પર સવિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. દરિયાકાંઠાના ગ્રામજનો અને સુરક્ષા એજન્સીઓ વચ્ચે વિશ્વાસની લાગણી કેળવાય, બિનજરૂરી સંઘર્ષ ટાળી શકાય અને કટોકટીની સ્થિતિમાં સ્થાનિક લોકો તુરંત સુરક્ષા એજન્સીના આંખ અને કાન બનીને મદદરૂપ થાય તેવા હેતુ સાથે જામનગર મરીન ટાસ્ક ફોર્સ દ્વારા દરિયાકાંઠાના ગામોમાં સન્નીષ્ટ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

દરિયાકાંઠાના પરિવારો માટે શાળા એક સંવેદનશીલ અને આદરણીય સ્થાન છે. આ બાબત અને માનનીય વડાપ્રધાનશ્રીના ''શાળા પ્રવેશોત્સવ'' ના સંકલ્પને સાકાર કરવા ATS અને કોસ્ટલ સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિર્દેશક (ADGP) અમિતકુમાર વિશ્વકર્મા, દરિયાઈ સુરક્ષા અને મરીન ટાસ્ક ફોર્સના IG એ.એમ.મુનિયા તથા મરીન ટાસ્ક ફોર્સ હજીરાના SP એસ.જે.પરમારના માર્ગદર્શન હેઠળ એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં

અનુ પાના નં.૨ પર

## સલાયામાં ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો શખ્સ ઝડપાયો

### અગાઉ તેના પર ગુજસીટોકનો ગુન્હો નોંધાયો હતો



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ સલાયા**

ખંભાળિયા તાલુકાના સલાયા વિસ્તારમાં રહેતા એક શખ્સ સામે અગાઉ ગુજસીટોકનો ગુનો નોંધાયો હતો. આ શખ્સ દ્વારા હાઇકોર્ટની શરતો અને જાહેરનામા ભંગ સંદર્ભેના ગુનામાં સલાયા મરીન પોલીસે તેની સામે કડક કાર્યવાહી કરી છે. આ અંગે પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ખંભાળિયા તાલુકાના સલાયા ગામે રહેતા શબીરહુશેન ઉર્ફે ભૂરો ગુલામહુશેન સુંભણીયા નામના શખ્સ દ્વારા અગાઉ સલાયા વિસ્તારમાં નાના-મોટા વિવિધ ગુનાઓ આચરવામાં આવતા પોલીસ કાર્યવાહી બાદ તેની સામે ગુજસીટોકની કલમ હેઠળ આકરી કાર્યવાહી કરવામાં આવી હતી.

હાલ મોહરમના તહેવારોને અનુલક્ષીને સલાયા મરીન પોલીસ મથકના પી.આઈ. જે.એમ. ચાવડાના વડપણ હેઠળ સર્વેલન્સ સ્ટાફ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ઉપરોક્ત શખ્સ આવ્યો હોવાની બાતમી મળતા પોલીસે પાળેશ્વર તળાવની પાળ પાસેથી ઉપરોક્ત શખ્સને દબોચી લીધો હતો. આ શખ્સના ચેકિંગમાં તેના ખિસ્સામાંથી ત્રાંબાની મૂઠ મળી આવી હતી.

આથી પોલીસે તેની સામે હથિયારબંધી જાહેરનામા ભંગ સબબ પણ કાર્યવાહી કરી હતી. ઉપરોક્ત આરોપી સામે અગાઉ

અનુ પાના નં.૨ પર

## ગુજરાત એનસીસીના મેજર જનરલ જામનગરની મુલાકાતે



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

વર્ષ ૨૦૧૭માં જામનગરને એનસીસીનું ગ્રુપ હેડક્વાર્ટર મળ્યા બાદ ગત દિવસોમાં યોજાયેલી અગ્નિવીરની ભરતીમાં સૌરાષ્ટ્ર કચ્છના ૪૨ યુવાઓ લશ્કરી સેવામાં જોડાયા છે. જેને બિરદાવવા તા.૨૩મીએ ગુજરાત એનસીસીના મેજર જનરલ બિમલ મોંગા (સેવા મેડલ, વિશિષ્ટ સેવા મેડલ) જામનગર આવ્યા હતા અને ન્યુ રિક્રુટ અગ્નિવરો સાથે ગોષ્ઠી કરી હતી. લશ્કરની ત્રણેય પાંખો માટે સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨થી અગ્નિવીર યોજના લાગુ કરવામાં આવ્યા પછી અત્યાર સુધીમાં એનસીસીની વિધિવત તાલીમ પામેલા જામનગર એનસીસી ગ્રુપ હેડક્વાર્ટર હેઠળના સેન્ટરોમાંથી ઘણા યુવાઓ જોડાયા છે. પરંતુ જામનગરને ગ્રુપ હેડક્વાર્ટરનો ૨૦૧૭માં દરજ્જો મળ્યા બાદ વિક્રમી સંખ્યામાં એટલે કે, ૪૨ ૪ કેડેટસ લશ્કરી સેવામાં અગ્નિવીર તરીકે જોડાયા છે. આ ૪૨માંથી ૨૮ આર્મી - કેડેટસ છે અને ૧૪ નેવી કેડેટસ છે. નવા અગ્નિવીર બનેલા યુવાઓમાં જામનગર, પોરબંદર, ભુજ, વેરાવળ, ગાંધીધામના કેડેટસનો સમાવેશ થાય છે. આ મુલાકાત વેળાએ ગુજરાત એનસીસીના મેજર જનરલ બિમલ મોંગા (સેવા મેડલ, વિશિષ્ટ સેવા મેડલ)એ જણાવ્યું હતું કે, આજે જામનગર આવ્યો છું અને આ ગ્રુપ હેડક્વાર્ટર હેઠળના ૪૨ કેડેટસઅગ્નિવીર બન્યા છે. આખા સૌરાષ્ટ્રની વાત કરીએ તો તેમાં ૧૧૯ અગ્નિવીરો લશ્કરમાં જોડાયા છે. સૌરાષ્ટ્ર-કચ્છના છેલ્લા ૪ વર્ષના કુલ આંગવીરી કરતા આ સંખ્યા ઝાઝી છે. જામનગરને ૧૦ વર્ષ પહેલા એનસીસી ગ્રુપ હેડક્વાર્ટરનો દરજ્જો મળ્યા બાદ અહીં જે પ્રવૃત્તિનો વ્યાપ વધ્યો છે. તેનું પરિણામ હવે જોવા મળી રહ્યું છે. ગુજરાત રાજ્ય સરકારે અગ્નિવીરો અવાજ જાહરાતીમાં અને મંજર માટે સરકારી નોકરીમાં ૨૦ ટકા જનરલએ યુવા અગ્નિવીરો માટે ખુબ આવકારદાયક અને સૌના ભવિષ્યને સલામતી આપતું કદમ હોવાનું જણાવ હતું.

## જામનગર પોલીસની નેત્રમ ટીમ રાજયમાં પ્રથમ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

આધુનિક યુગમાં ગુનેગારો ગમે તેટલા શાતિર બને, પરંતુ ટેકનોલોજીની બાજ નજરથી બચવું હવે અશક્ય સાબિત થઈ રહ્યું છે. જામનગર શહેરમાં નજર રાખવા માટે હાઈ-ટેક સીસીટીવી કેમેરાઓ લગાડાયા છે. આ કેમેરાનું મોનીટરીંગ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર એટલે કે 'નેત્રમ' ખાતેથી ચોવીસેય કલાક કરવામાં આવે છે. નેત્રમ ટીમે ત્રણ માસમાં ૩૪૫ ગુનાઓ ઉકેલવામાં મદદરૂપ બનીને શોધ કેટેગરીના રેન્કિંગમાં રાજ્યમાં પ્રથમ સ્થાન મળ્યું.

જામનગર નેત્રમ સેન્ટર દ્વારા ગત તા. ૧ જાન્યુઆરીથી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીના ત્રિમાસિક ગાળા દરમિયાન સીસીટીવી ફૂટેજના સઘન પૃથ્થકરણ દ્વારા રેકોર્ડબ્રેક કામગીરી કરવામાં આવી છે. આ ટૂંકા ગાળામાં ટીમે હિટ એન્ડ રનના ૧૦, ગુમ-અપહરણના ૨, ચોરીના ૨૪, પોસ્ટ ઈન્સીડેન્ટ ઈન્વેસ્ટીગેશનના ૨૮૯ કેસમાં સીસીટીવી ફૂટેજ નિર્ણાયક કામગીરી કરી છે. ગુનાખોરી ડામવાની સાથે પોલીસે સંવેદનશીલતા દાખવીને ૨૦ અરજદારોનો ખોવાયેલો કીંમતી સામાન અને દસ્તાવેજો શોધી કાઢી તેમને પરત આમ કુલ ૩૪૫ ગુના-અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. જામનગરે શોધ જામનગર કેટેકટરીના રેન્કીંગમાં રાજ્ય કક્ષાએ કંટ્રોલ સેન્ટ પ્રથમ રેન્ક મેળવ્યો છે.

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં પાંચ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર સીટી એ ડિવિઝન પોલીસ મથકના ઇન્ચાર્જ પીઆઇ એમ.એન. ગઢવીના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડના પો.કોન્સ રાજેન્દ્રસિંહ ડોડીયા, પો.હેડ કોન્સ વિપુલભાઇ સોનગરાને હયુમન સોર્સ તથા ટેકનીકલ એનાલીસીસના આધારે હકીકત મળેલ કે જામનગર સીટી-એ તથા બી ડીવીઝનના બે ગુનામાં પાંચ વર્ષથી નાસતા ફરતા આરોપી સુભાષચંદ્ર રામઅવતાર સુનેરીયા (ઉ.વ.૫૨, રહે. બુધેલા ગામ, ઇટાવા, ઉત્તરપ્રદેશવાળા)ને રાજય બહાર ઉત્તરપ્રદેશ જવાની મંજુરી લઇ તપાસ કરતા આરોપીને યુપીથી પકડી પાડી સીટી-એ ડીવીઝન પોલીસ ખાતે લાવી ધોરણસર અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## જામનગરની રંગમતી નદીની દુર્દશા નિહાળતા કમિશનર કેડીયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની શહેરની મધ્યમાંથી પસાર થતી મુખ્ય રંગમતી નદીની સફાઈ કરવામાં મનપાનું તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ નદીની યોગ્ય સફાઈ કરવામાં આવી નથી.

જેના કારણે આગામી ચોમાસાને લઈને લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરની રંગમતી નદીમાં હાલમાં બિનજરૂરી વનસ્પતિઓ, કચરાના ઢગલા, જળકુંભી વેલ અને કેરણનું સામ્રાજ્ય યથાવત જોવા મળી રહ્યું છે.

નદીનું પટ્ટ કચરા અને વનસ્પતિઓથી આચ્છાદિત થઈ ગયું હોવાના કારણે નદીની જળવહન ક્ષમતા નહિવત થઈ ગઈ છે. જો ચોમાસા દરમિયાન ઉપરવાસમાં ભારે વરસાદ થાય, તો નદીમાં આવતા પૂરના પાણીના નિકાલ માટે કોઈ માર્ગ બચ્યો નથી.

રંગમતી નદીની આ જોતા ભયાવહ સ્થિતિને જામનગર શહેરના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા હજારો લોકોમાં અત્યારથી જળબંબાકારની દહેશત ફેલાઈ રહી છે. કમિશનર દિપેશ કેડીયાએ અધિકારીઓ સાથે નદીની મુલાકાત લઇને તાત્કાલિક અસરથી ગંદકીની સફાઈ કરવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. જેનું તાત્કાલિક કામ શરૂ કરવા પણ આદેશ કરાયો છે.

## જામનગરમાં મોહરમ પર્વ નિમિત્તે જામનગર પોલીસનું ફૂટ પેટ્રોલિંગ




તસવીરઃ હિરેન ગાંધી

જામનગરમાં મોહરમ પર્વની શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ ઉજવણી સુનિશ્ચિત કરવા જિલ્લા પોલીસ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. દરબારગઢથી લઈને શહેરના મુખ્ય માર્ગો તેમજ તાજીયાઓના સ્થળો અને જુલૂસના રૂટ પર પોલીસ અધિકારીઓ અને જવાનો દ્વારા ચુસ્ત બંદોબસ્ત સાથે પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન લોકોને શાંતિ જાળવવા અપીલ કરવામાં આવી હતી તેમજ કોઈપણ અફવા કે અસામાજિક પ્રવૃત્તિ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી હતી. મોહરમ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર સંપૂર્ણ સતર્ક બન્યું છે.

# જામનગરના દરબારગઢ વિસ્તારમાં મોરહમ પહેલા ડ્રોન દ્વારા હવાઈ નિરિક્ષણ







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

આગામી મોહરમ પર્વ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ તાજિયા જુલુસ સહિતના ધાર્મિક કાર્યક્રમો શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે જામનગર પોલીસ દ્વારા સઘન સુરક્ષા આયોજન હાથ ધરવામાં આવ્યું છે. સુરક્ષા વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

તેના ભાગરૂપે આજે જામનગર શહેરના દરબારગઢ સર્કલ વિસ્તારમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી)ની ટીમ દ્વારા ડ્રોન કેમેરાની મદદથી હવાઈ નિરીક્ષણ માટેનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. બપોરના સમયે ડ્રોન કેમેરા ઉડાવી સમગ્ર વિસ્તારનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું તેમજ કેમેરા દ્વારા મળતી દૃશ્ય માહિતીના આધારે વિવિધ સ્થળોનું મોનિટરિંગ પણ કરવામાં આવ્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મોહરમ દરમિયાન નીકળનારા તાજિયા જુલુસ અને સંવેદનશીલ વિસ્તારો ઉપર વિશેષ નજર રાખવા માટે ડ્રોન કેમેરાનો ઉપયોગ કરવામાં આવશે. જમીન સ્તરે પોલીસ બંદોબસ્ત ઉપરાંત હવાઈ નિરીક્ષણ થકી ભીડની હિલચાલ, ટ્રાફિક વ્યવસ્થા તેમજ કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ ઉપર તાત્કાલિક નજર રાખી શકાશે. એસઓજીની ટીમ દ્વારા કરવામાં આવેલ આ પરીક્ષણ દરમિયાન ડ્રોનની કામગીરી, કેમેરાની ક્ષમતા, નિરીક્ષણની વ્યાપકતા તેમજ નિયંત્રણ પ્રણાલીની ચકાસણી કરવામાં આવી હતી. પરીક્ષણ સફળ રહેતાં મોહરમ દરમિયાન સુરક્ષા વ્યવસ્થામાં ડ્રોન ટેક્નોલોજી મહત્વની ભૂમિકા ભજવશે તેવી પોલીસ તંત્ર દ્વારા આશા વ્યક્ત કરવામાં આવી છે. જામનગર પોલીસ દ્વારા મોહરમ પર્વને શાંતિપૂર્ણ અને સુરક્ષિત માહોલમાં ઉજવવા માટે તમામ જરૂરી સુરક્ષા પગલાં લેવામાં આવી રહ્યા છે. પોલીસ તંત્રે નાગરિકોને પણ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સહકાર આપવા તેમજ કોઈપણ શંકાસ્પદ હિલચાલ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરી છે.

# જામનગરની શ્રીજી શિપિંગ સાથે ગાંધીધામની કંપની દ્વારા ૨૦.૫૬ કરોડની છેતરપિંડી

## ધંધાકીય વ્યવહારના અને લોન પેટે લીધેલાં નાણાં ન ચૂકવી વિશ્વાસઘાત કરવા અંગે જામનગરના સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવાઈ ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં આર્થિક ગુનાખોરીનો વધુ એક મોટો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં ગાંધીધામની એક પ્રતિષ્ઠિત હેન્ડલીંગ એજન્સીના ડાયરેક્ટર સામે રૂા.૨૦.૫૬ કરોડથી વધુની રકમની છેતરપિંડી અને ગુનાહિત વિશ્વાસઘાત કરવા બદલ જામનગરની એક નામાંકિત શિપિંગ કંપની દ્વારા સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. શિપિંગ સર્વિસ અને લોન પેટે મેળવેલી કરોડોની રકમ ન ચૂકવીને છેતરપિંડી આચરવામાં આવી હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ છેતરપિંડીનો સિલસિલો સને ૨૦૧૯થી શરૂ કરીને આજદિન સુધી ચાલતો હતો. જામનગરમાં ટાઉનહોલ પાસે આવેલા શ્રીજી હાઉસ ખાતેથી સંચાલિત કંપનીઓ સાથે આરોપીએ વ્યાપારીક વ્યવહારો કર્યા હતા. લાંબા સમય સુધી નાણાં પરત ન મળતાં આખરે ગઈકાલે જામનગરના સ્વસ્તિક સોસાયટી વિસ્તારમાં રહેતા અને વેપાર સાથે સંકળાયેલા જીતેન્દ્ર હરીદાસ લાલ (જાતે લોહાણા) એ આ મામલે ફરિયાદ નોંધાવી છે.

તેમણે ગાંધીધામ ખાતે લીલાશાહ સર્કલ પાસે, પ્લોટ નં. ૬૪૦, ૧૨/સી માં કાર્યરત મહેશ્વરી હેન્ડલીંગ એજન્સી પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર ચંદનકુમાર છગનલાલ મહેશ્વરી સામે નામજોગ ફરિયાદ દાખલ કરાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપી ચંદનકુમાર મહેશ્વરીએ ફરિયાદીની જુદી જુદી કંપનીઓ પાસેથી સેવાઓ મેળવી તેની ચૂકવણી કરી ન હતી. આ કંપની દ્વારા પૂરી પાડવામાં આવેલી બાર્જ અને ટગ ભાડે આપવાની સેવાઓ તેમજ અન્ય સ્ટીવડોરીંગ સર્વિસના ચાર્જ પેટેના ૨,૫૬,૭૨,૪૪૦ (બે કરોડ છપ્પન લાખ બોતેર હજાર ચારસો ચાલીસ) ચૂકવ્યા નથી.

સિદ્ધિ મરીન સર્વિસીઝ પાસેથી લીધેલી વિવિધ સર્વિસના ચાર્જ પેટેના ૧૩,૭૩,૧૭,૬૮૭ (તેર કરોડ તોતેર લાખ સત્તર હજાર છસો સ્યાસી) બાકી રાખ્યા છે. નરોતમકા કોમોડિટીઝ પ્રાઈવેટ લિમિટેડ નામની ફરિયાદીની આ કંપનીમાંથી મેળવેલી લોનની રકમ વ્યાજ સહિત ૪,૨૬,૯૫, ૨૫૭ (ચાર કરોડ છવ્વીસ લાખ પંચાણું હજાર બસો સત્તાવન) ચૂકવ્યા નથી. આમ, ત્રણેય વ્યવહારો મળીને કુલ ૨૦,૫૬,૮૫,૩૮૪ (વીસ કરોડ છપ્પન લાખ પંચ્યાસી હજાર ત્રણસો ચોર્યાસી) ની માતબર રકમ ન ચૂકવીને આરોપીએ ફરિયાદીની કંપનીઓ સાથે ગુનાહિત વિશ્વાસઘાત આચર્યો છે. આ મામલે જામનગર સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભાગ-અ ગુ.ર.નં. ૧૧૨૦૨૦૦૯૨૬૧૩૮૩/ ૨૦૨૬ અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૬(૨) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કેસની પ્રાથમિક કામગીરી પો.સબ ઇન્સ. જે.બી.મોરસાણીયા તથા પી.એસ.ઓ. હેડ કોન્સ્ટેબલ એસ.પી.ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી. હાલ આ ચકચારી કેસની વધુ ઊંડાણપૂર્વકની તપાસ પોલીસ સબ ઇન્સ્પેક્ટર ડી.જી.રાજ ચલાવી રહ્યા છે. કરોડો રૂપિયાના આ કૌભાંડમાં આગામી સમયમાં મોટા ખુલાસા થવાની શક્યતા સેવાઈ રહી છે.

# જામ-કલ્યાણપુરના સિદસરા ગામે ધમધમતા જુગારના અખાડામાંથી સાત શખ્સો ઝડપાયા

**સમય સંદેશઃ કલ્યાણપુર**



દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ એલસીબી વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી તેમજ તેમની ટીમ દ્વારા મંગળવારે કરવામાં આવેલી કાર્યવાહીમાં કલ્યાણપુર તાલુકાના સિદસરા ગામની ખારા સીમમાં પુંજુભા હનુભા જાડેજા (રહે. સિદસરા) વાળાએ ભાગમાં રાખેલી વાડીમાં બહારથી માણસો બોલાવી અને ઉપરોક્ત શખ્સ દ્વારા બહારથી માણસો બોલાવીને પોતાના અંગત આર્થિક ફાયદા માટે જુગારનો અખાડો ચાલતો હોવાથી આ સ્થળે એલસીબીની ટીમે દરોડાની કાર્યવાહી કરી હતી.

આ દરોડા દરમિયાન પોલીસે પુંજુભા જાડેજા સાથે હરદીપસિંહ દોલુભા જાડેજા, ભરત કરસનભાઈ રાઠોડ, દેવાત કાના છુછર, નગા રામશી ચાવડા, હેમતસિંહ મદારસિંહ જાડેજા અને વનરાજસિંહ હાલુભા જાડેજા નામના સાત શખ્સોને ઝડપી લીધા હતા. આ દરોડા દરમિયાન પોલીસે રૂપિયા ૩૩,૨૫૦ ની રોકડ રકમ તથા રૂ. ૪૦,૫૦૦ ની કિંમતના પાંચ મોબાઈલ ફોન અને રૂ. ૫૦,૦૦૦ ની કિંમતના બે મોટરસાયકલ મળીને કુલ રૂપિયા ૧,૨૩,૭૫૦ નો મુદ્દામાલ કબજે કરી, આ અંગે કલ્યાણપુર પોલીસ મથકમાં જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# જામનગરના ફલાય ઓવરબ્રીજ નીચેના દબાણ હટાવવા ગયેલ કર્મીઓ ઉપર હુમલો

## એસ્ટેટ શાખાએ અંબર ચોકડીથી ભીમવાસ સુધી બ્રીજની નીચે થયેલ દબાણ હટાવવા કાર્યવાહી શરૂ કરતા માથાભારે તત્વો વિફર્યાઃ મરચાનો સ્પ્રે છાંટવા ઉપરાંત પથ્થરમારો કરી ચાર કર્મચારીઓને કર્યા ઘાયલ



તસવીરઃ હિરેન ગાંધી












**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા અંબર ચોકડી પાસે ઓવર બ્રીજ નીચેની જગ્યામાં ચાલતી દબાણ હટાવ કામગીરી વખતે લુખ્ખા શખસોએ હંગામી કર્મચારીઓ ઉપર પથ્થરમારો કરી દેતાં ચાર હંગામી કર્મચારીઓ ઘાયલ થતાં ચારેયને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. એક કર્મચારીને માથામાં વધુ ઈજા થવા પામી છે. આ મામલે પોલીસ તપાસ નોંધાવવા કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું જાણવા મળે છે.

સાત રસ્તાથી નાગનાથ ગેઈટ સુધીના બ્રીજના નીચેના ભાગના દબાણો હટાવવાનું રાઉન્ડ ચાલુ હતું ત્યારે સાંજે ૮ વાગયાના અરસામાં અંબર ચોકડીની આસપાસ બ્રીજના નીચેના ભાગમાં દબાણો દુર કરવા કોર્પોરેશનના દબાણ હટાવ ટીમના કર્મચારીઓ પહોંચ્યા હતા. જ્યાં ઉપસ્થિત કેટલાક લોકોએ તેઓ સાથે રકઝક કર્યા બાદ પથ્થરમારો કરી દેતાં ચાર કર્મચારીઓ ઘાયલ થતાં તમામને હોસ્પિટલ ખાતે સારવાર માટે મોકલવામાં આવ્યા હતા.

આ ઘાયલ કર્મચારીઓમાં વિજયસિંહ ઝાલા, ચેતનસિંહ, વિજય રાઠોડ તથા મહિપતભાઈનો સમાવેશ થાય છે. પથ્થરમારામાં એક કર્મચારીને માથામાં વધુ ઈજા હોવાનું જાણવા મળે છે. ઘટનાની જાણ થતાં મ્યુ. કોર્પો. ના ૦ અધિકારી અનવરભાઈ ગજણ હોસ્પિટલ પહોંચ્યા હતા અને આગળ એમએલસી તથા પોલીસ કાર્યવાહી કરાવવાની તજવીજ હાથ ધરી હતી. તેમજ ઉચ્ચ અધિકારીઓને

અનુ પાના નં.૨ પર

# એસ્ટેટની ટીમ ઉપર હુમલા મામલે દબાણકારો સામે નોંધાયો ગુન્હો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની અંબર ચોકડી નજીક નવા બ્રિજ નીચે ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી દરમિયાન મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગના કર્મચારીઓ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. વારંવાર સૂચના આપવા છતાં સ્થળ ખાલી ન કરનારા દબાણકારોએ સરકારી કામગીરી રોકવા માટે અચાનક કર્મચારીઓ પર મરચાં સ્પ્રે છાંટ્યો હતો અને ત્યારબાદ પથ્થરમારો કર્યો હતો.

આ હિંસક હુમલામાં મહાનગરપાલિકાના પાંચ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં ચેતનસિંહ જાડેજાને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થતાં ૮ ટાંકા અને મહિપત દાઉદીયાને માથામાં ૯ ટાંકા આવ્યા હતા. આ ઉપરાંત ફેજલ ખફી, વિજયસિંહ ઝાલા અને વિજય રાઠોડને પણ ઈજાઓ પહોંચતા તમામ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે પોલીસે કનૈયાલાલ પરમાર, તેના પુત્ર ઉદલ, નંદલાલ અને મલખાન ઉર્ફે ધુંધો સહિત કુલ ૮ આરોપીઓ સામે હત્યાનો પ્રયાસ અને સરકારી ફરજમાં રૂકાવટ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. ડીવાયએસપી જે. એન. ઝાલાના માર્ગદર્શન હેઠળ સીટી બી ડિવિઝન પોલીસે સમગ્ર વિસ્તાર કોર્ડન કરી કોમ્બિંગ હાથ ધર્યું હતું અને કેટલાક આરોપીઓને રાઉન્ડઅપ કરીને પૂછપરછ શરૂ કરી છે.

# દ્વારકા જિલ્લામાં ખનીજ ચોરીઃ બેલા પથ્થરના જથ્થા સાથે પાંચ ટ્રકો ઝડપાઈ

## એસઓજી પોલીસે રૂ. ૭૮ લાખ જેટલો મુદ્દામાલ કબજે કર્યો



**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા વિસ્તારમાં થતા ગેરકાયદેસર રીતે ખનીજ ખનન તેમજ ખનીજ પરિવહન સામે છેલ્લા કેટલાક દિવસોથી પોલીસ તંત્રએ કડક હાથે કાર્યવાહી કરી છે. જેમાં રાજકોટ રેન્જના ડી.આઈ.જી. નિર્લિપ્ત રાય અને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ જિલ્લા એસ.ઓ.જી.ની ટીમે સોમવારે કરેલી કાર્યવાહીમાં પેટ્રોલિંગ દરમિયાન એએસઆઈ સજુભા જાડેજા, હેડ કોન્સ્ટેબલ હરદીપસિંહ જાડેજા અને ધર્મેન્દ્રસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામમાં મતિયા પીરડાડાની પાછળ ખુલ્લા પ્લોટમાં કુલ ચાર ટ્રકો તેમજ ખંભાળિયા તાલુકાના ભાડથર ગામેથી એક ટ્રકમાં રાખવામાં આવેલા ગેરકાયદેસર સફેદ પથ્થર (બેલા) કબજે કર્યા હતા.

આ બેલા પથ્થરનું વજન ૬૮ ટન જેટલું થવા પામ્યું હતું. જેમાં ટ્રક ચાલકની પૂછતાછમાં આ તમામ ટ્રકોના ડ્રાઈવરો પાસે રોયલ્ટી કે ખાણ ખનીજ વિભાગનો કોઈ આધાર પુરાવો હતો નહીં અને પોતાના ટ્રકમાં પૂર્ણ થઈ ગયેલી મુદત વાળી જુના તારીખની અને સમય દર્શાવતી રોયલ્ટીની સ્લીપો પોલીસ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. આમ, ટ્રકોમાં રોયલ્ટીની મુદત પૂર્ણ થઈ ગઈ હોવા છતાં સફેદ પથ્થર (બેલા)ને ગેરકાયદેસર રીતે ભરીને રાખેલ હોવાથી પોલીસે રૂપિયા ૨,૭૦,૦૦૦ ની કિંમતના ૬૮ ટન બેલા પથ્થર અને રૂપિયા ૭૫ લાખની કિંમતના પાંચ ટ્રક મળી, કુલ રૂ. ૭૭,૭૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી, આગળની તપાસ હાથ ધરી છે.

ઝડપાયેલા ટ્રકના ચાલકના નામ દુલા ધીરુભાઈ લાડક, કાના લખમણ સોલંકી, નાજા સાંગા મોરી, દેવા નથુ વાઘેલા અને જીવા ભાયા મોરી હોવાનું જાહેર થયું છે. કે

અનુ પાના નં.૨ પર

# જામનગરના નવાગામ ઘેડમાં કારમાં છુપાવેલ દારૂ સાથે એક ઝડપાયો

**સમય સંદેશઃ જામનગર**



તસવીરઃ હિરેન ગાંધી

જામનગર શહેરમાં સિટી બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન સ્ટાફને નવાગામ ઘેડ વિસ્તારમાં એક શખ્સ દ્વારા કારમાં દારૂ સંતાડાયો હોવાની બાતમી મળી હતી. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે શહેરના નવાગામ ઘેડ, ખડખરનગરમાં દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે બાતમી મુજબની સફેદ કલરની ફોર્ડ ફીગો કારની તલાશી લેતાં તેમાંથી રૂા.૨૯,૧૦૦ ની કિંમતના ૯૭ ઇંગ્લીશ દારૂના ચપટા મળી આવ્યા હતાં. આથી પોલીસે દારૂના આ જથ્થો અને રૂા.૧,૭૫,૦૦૦ ની કિંમતની કાર સહિત કુલ રૂા.૨,૦૪,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કારમાલિક મુકેશ રાયમલભાઇ લોલાડિયાની અટકાયત કરી હતી. પોલીસની વધુ પૂછપરછમાં દારૂનો આ જથ્થો સપ્લાય કરનાર વીકી ઠાકોર (રહે.ભોયવાડો, દરબારગઢ, જામનગર) વાળાના નામ ખુલતાં આ શખ્સને જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com